# Std 11 Gujarati Textbook Solutions Chapter 5 પિતાની સેવા

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. શૈશવમાં કવિએ પિતા સાથે કેવાં તોફાન કર્યાં છે?**

ઉત્તર :

શૈશવમાં કવિએ પિતાની છાતી પર ચડીને તેમની મૂછ તાણી છે.

**પ્રશ્ન 2. પિતાએ પુત્રને શી-શી મદદ કરી છે?**

ઉત્તરઃ

પિતાએ પુત્રને સારું શિક્ષણ આપ્યું છે, તેને સારા – નરસાનો વિવેક શીખવ્યો છે અને પુત્રની માગણીઓ ખુશીથી પૂરી પાડી છે.

**પ્રશ્ન 3. પુત્રને પિતા ભૂલની સજા કેવી રીતે આપતા?**

ઉત્તરઃ

પુત્રને પિતા ભૂલની સજા દિલમાં દયાનો ભાવ રાખીને આપતા.

**2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. પુત્રની જરૂરિયાતો પિતાએ શી રીતે પૂરી કરી હતી?**

ઉત્તર :

પુત્રની જરૂરિયાતો પૂરી કરવા માટે પિતાએ ઘણાં કષ્ટ સહન કર્યાં હતાં. પુત્રને પોતાની છત્રછાયા કરી આપી હતી.

**પ્રશ્ન 2. પિતાજીની ક્ષમાદૃષ્ટિ વિશે પુત્ર શું કહે છે?**

ઉત્તર :

પુત્રએ ક્યારેક ભૂલ કરી હોય તો પિતાજી એને દંડ અવશ્ય દેતા. પરંતુ પિતાજીના દિલમાં હંમેશાં દયાનો ભાવ રહેતો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**પ્રશ્ન 3. પુત્રને શો પશ્ચાત્તાપ થાય છે?**

ઉત્તર:

પુત્ર જ્યારે બાળક હતો ત્યારે તે પિતાના ગુણોથી અજાણ હતો. તેના ઉરમાં પિતાનો એક પણ ગુણ આવ્યો નહોતો. પુત્રને તેનો પશ્ચાત્તાપ થાય છે.

**પ્રશ્ન 4. કાવ્યને અંતે પુત્રએ શી ઇચ્છા વ્યક્ત કરી છે?**

ઉત્તર:

પિતાની સેવા" કાવ્યના અંતે પુત્ર પિતાને તેમનું ઋણ અદા કરવા ઇચ્છે છે. તે કહે છે કે જો ઈશ્વર તેઓને જીવતા રાખશે, તો તે પિતાની દિલથી સેવા કરશે.

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. પિતાએ પુત્રની લીધેલ કાળજી વિશે કાવ્યના આધારે વિગતે લખો.**

ઉત્તર:

પિતાએ પુત્રને જન્મથી પાળીપોષીને મોટો કર્યો છે. પુત્રએ બાળપણમાં પિતાની છાતીએ ચડી એમની મૂછો ખેંચી, પરંતુ પિતાએ તેના માટે હૃદયમાં રીસ રાખી નહિ. પુત્રને સારું શિક્ષણ આપ્યું, સારા – ખરાબનો વિવેક શીખવ્યો, પુત્રએ માગેલી વસ્તુઓ રાજી થઈ લાવી આપી. પિતા પુત્ર માટે છત્રછાયા બન્યા.

તે માટે તેમણે અનેક કષ્ટ સહન કર્યાં. પુત્રએ કોઈ વાર મોટી ભૂલ કરી તો તેને હૃદયમાં દયાભાવ રાખીને તેને સુધારવા સજા પણ કરી. પિતાએ હમેશાં તેનું ભલું જ કર્યું. પરિણામે દીકરો આજે સમાજમાં મોભાનું સ્થાન પામ્યો, તેની કીર્તિ ફેલાઈ. આવા પુત્રને નીરખીને પિતાની આંખમાં હર્ષનાં આંસુ આવે તેમાં શી નવાઈ?

**પ્રશ્ન 2. પુત્ર પિતાજીનાં કયાં કયાં પુણ્યસ્મરણો વાગોળે છે?**

ઉત્તર:

પિતાએ પુત્રને જન્મથી પાળીપોષીને મોટો કર્યો છે. પુત્ર પિતાજીનાં પુણ્યસ્મરણો વાગોળે છે અને તે માટે પિતાનો આભાર ક્યારેય ભૂલશે નહિ તેમ કહે છે. પિતાએ પુત્રને સારું શિક્ષણ આપ્યું છે. પુત્રને સારા – નઠારાનો વિવેક શીખવ્યો છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પિતાએ પુત્રની માગણીઓનો હર્ષથી સ્વીકાર કર્યો છે અને તેની માગણીઓ પૂરી કરી છે. પુત્રની કોઈ ભૂલ થઈ તો તેને દયાભાવ રાખી તેના ભલા માટે, તેને સુધારવા માટે સજા પણ કરી છે.

પુત્રએ શિક્ષણ, સંસ્કાર અને વિવેક પામીને સમાજમાં કીતિ ફેલાવી છે. પુત્રને નીરખી પિતાની આંખમાં હર્ષનાં આંસુ આવે છે. આથી જ પુત્ર કહે છે કે "પિતાજી, ભલા આપનો આભાર હું કેમ ભૂલ?" પિતૃભક્તિથી પ્રેરાઈ પુત્ર પિતાની દિલથી સેવા કરવાની ઇચ્છા વ્યક્ત કરે છે.

**પ્રશ્ન 3. આ કાવ્યમાંથી પ્રગટતો પિતૃવાત્સલ્યનો ભાવ તમારા શબ્દોમાં વર્ણવો.**

ઉત્તરઃ

પોતાનાં સંતાનો માટે જેમ માતાને પ્રેમ હોય છે, તેમ પિતાને પણ પ્રેમ હોય છે. પિતા પોતાનાં સંતાનોની સુખસગવડ માટે, તેમના શિક્ષણ માટે, તેમનામાં સારા સંસ્કારો આવે તે માટે સતત પ્રયત્ન કરે છે. પોતાનાં સંતાનો માટે તે ઘણાં કષ્ટ સહન કરે છે.

પોતાનાં સંતાનોની ઇચ્છાઓ પૂરી કરવાનો ખુશીથી પ્રયત્ન કરે છે. પિતાની છત્રછાયામાં સંતાનો પ્રગતિ કરે છે, સમાજમાં નામના મેળવે છે તેનો પિતાને વિશેષ આનંદ થાય છે.

ક્યારેક સંતાનોની ભૂલો સુધારવા માટે તેને સંતાનોને સજા કરવી પડે છે, પરંતુ એના દિલમાં દયાનો ભાવ રહેલો હોય છે. તેથી જ પિતાજી પ્રત્યેનું ઋણ ચૂકવવા માટે પુત્ર પિતાની આજીવન સેવા કરવાની ઇચ્છા વ્યક્ત કરે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in